# –:: રેગ્યુ.દિ.કેસ નં.૧૮/૨૦૨૩ ના કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી તથા પ્રતિવાદીની કાઉન્ટર આંક–૫ ની મનાઈ અરજી અન્વયે હુકમ ::–

**૧.** આ કામનાં વાદીએ સીવીલ પ્રો. કોડના ઓર્ડર–૩૯ રૂલ(૧)(૨) તથા સિવીલ પ્રોસીઝર કોડની કલમ–૧૫૧ મુજબ અરજી કરી એવી હકિકત જણાવેલ છે કે,સાબરકાંઠા સબ ડીસ્ટ્રીકટ ઈડરના તાલુકાના ગામ–કડીયાદરાની સીમના ખાતા નં.૩૦૭ વાળી સર્વે નં.૧૫૧/ પૈકી ૧ તથા ૧૫૦/૧ વાળી જમીન વાદીના પિતા મર્હુમ અમથાભાઈ જીવાભાઈ ઠાકરડા તથા મોતીભાઈ ખલાભાઈ ઠાકરડા(ખાંટ) તથા કાળાભાઈ મોતીભાઈ ઝાલાનાઓને સને ૧૯૫૫માં તા.૦૫/૦૬/૧૯૫૫ના રોજ રેવન્યુ રેકર્ડે નોંધ નં.૨૫૦ થી આશરે ૧૧ એકર જેટલી જમીન સંત વિનોબાજી સંચાલીત ભુદાન યજ્ઞથી જમીન મળેલ જે ભુદાનવાળી જમીન પૈકીના ત્રણ હિસ્સાથી જમીનનો કબજો દાન તરીકે તેઓ વાદીના પિતા મર્હુમ અમથાભાઈ જીવાભાઈ ઠાકરડા તથા મોતીભાઈ ખલાભાઈ ઠાકરડા(ખાંટ) તથા કાળાભાઈ મોતીભાઈ ઝાલાનાઓ ને સ્વીકારી ખેતી કરતા આવેલા અને આ ભુદાનવાળી જમીનના ભુદાન લેખમાં શરતો (નીચમો) મુજબ જમીન સ્વીકારેલી અને વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ મર્હુમ તેઓના ભાઈઓ તથા વારસો ખેતી કરી તેઓનુ ગુજરાત ચલાવતા આવેલ છે.સદરહુ ખાતા નં.૩૦૭ વાળી ભુદાની રેવન્યુ રેકર્ડે વાદી નં.૧ તથા પ્રતીવાદી નં.૩ અને ૪ ગુજરતાં તેઓના ભાઈઓના વારસોના નામે સર્વે નં.૧૫૧/પૈકી ૧ તથા ૧૫૦/૧ વાળી જમીન આવગેલ છે જે ભુદાન ખેતીની જમીનની હદમરજાત તથા ચર્તુથસીમા પ્રમાણે તથા રેવન્યુ રેકર્ડે નીચે મુજબ છે.

| ખાતા નં. | જુના સર્વે નં. | નવો સર્વે નં. | સતા પ્રકાર | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|---|---|
| ૩૦૭ | ૧૫૧/પૈકી૧<br>૧૫૦/૧ | ૯૨૦<br>૯૨૧ | જુની શરત<br>જુની શરત | ૦–૪૭–૧૪<br>૦–૯૫–૧૧ | ૦–૭૦<br>૧–૫૦ |

અને હાલમાં ખાતા નં.૩૦૭ની ઉપરોક્ત જમીનમાં તેઓ વાદી નં.૧,૨ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ના વારસો સયુંક્ત ખેતી કરતા આવેલા છીએ સદરહુ વાદગ્રસ્ત દાવાવાળી જમીનની ચર્તુથસીમા નીચે મુજબ આવેલ છે.

**દાવાવાળી જમીનની ચર્તુથસીમા :**

પુર્વે : ભૂદાન જમીનના ખાતેદાર મોતિભાઈ ખલાભાઇ ઠાકરડા(ખાંટ)ના વારસો હસમુખભાઇ જેસિંગભાઇ તથા જગુભાઈ માંસગભાઇ તથા રઘુભાઇ શામળભાઈની જમીનો.

પશ્ચીમ : ભૂદાન જમીનના ખાતેદાર કાળાભાઈ મોતિભાઈ ઝાલા ના વારસો કોદરભાઇ કાળાભાઇ તથા શાંમળભાઇ કાળાભાઈની જમીન

ઉતર : વાદી નં.૧ નો ભૂદાન જમીનનો ખરાબો છોડિ રઘુભાઇ ધીરાભાઇ પટેલની જમીન

દક્ષિણ : કાંતિભાઈ કોદરભાઈ પટેલ(રાઠોડ) ની જમીન

ઉપરોક્ત દર્શાવેલ હદમર્યાદાવાળી ખેતીની જમીન વાદી નં.૧ તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ ની વડિલો પાર્જીત ભુદાનની કબજા ભોગવટાની તથા વારસાઈથી તથા હકક હિસ્સાથી ખાતેદાર તરીકે ખેતી કરી ઉપજ મેળવતા આવેલા છીએ ઉપરોકત વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ની કબજા ભોગવટાની વડીલોપાર્જીત ભુદાનની ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૧,૨ તથા ૫ અને ૬ના વારસોનો કોઈ હકક કે હિસ્સો કે લાગભાગ ન હોવા છતાં પ્રતિવાદી નં.૬ મર્હુમ ધુળાભાઈ શંકરભાઈ કે જેઓ કડિયાદરા ગ્રામ પંચાયતમાં પટાવાળાની નોકરી કરતા હતા અને તેઓને કે તેમના ભાઈઓનો હમો વાદીઓની તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ના વારસોની ભુદાનની ખેતીમાં કોઈ વારસાઈથી તેમનો કોઈ હકક હિસ્સો પણ દાવાવાળી જમીનમાં ન હોવા છતાં અને તેઓની અન્ય કોઈ વડિલો પાર્જિત કે સ્વપાર્જિત ખેતીની જમીન પણ ન હોવા છતાં,તથા તેઓ ખેડુત ખાતેદાર ન હોવા છતાં હમો વાદી નં.૧ પ્રતિવાદી નં. ૩ અને ૪ ની જાણ બહાર તથા રેવન્યુ રેકર્ડના નિયમોનો ભંગ કરી લાગવગો અને વગોથી તેમનુ તથા તેમના ભાઈઓના નામો તેઓના સર્વે નંબરોમાં કબજેદાર તરીકે તથા વારસાઇથી દાખલ કરી દિધેલ જેણી જાણ તેઓને કરેલ નથી અને તેઓ વાદિ નં.૧ ના પિતાને ઉપરોકત જમીન ભુદાનમાં મળેલી હતી અને તે જમીન પર વારસાઈથી ફક્ત હમો વાદી નં.૧

તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ ના વારસો એટલે કે હમારા ભાઈના વારસોનો એટલે કે તેઓના ભાઇના વારસોનો જ હકક અને અધિકાર રહેલો છે અને ભુદાન વાળી જમીનમાં તેઓ વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ તેઓના ભાઈઓ મરણ જતાં વારસાઈથી સયુંક્ત ખાતે જમીન ચાલતી જેમાં તેઓ સયુંક્ત રીતે ખેતી કરી તેઓના કુંટુંબનુ પાલન પોષણ કરતા આવેલા છીએ પરંતુ તેઓ વાદી નં.૧ અને તેઓના ભાઇઓ મર્હુમ પ્રતિવાદી નં.૩ અને ૪ ના દિકરાઓ પ્રતિવાદી નં ૩/૨ અને ૪/૨ નાઓ તા.૧૯/૦૩/૨૦૨૩ ના રોજ ભુદાન વાળા ખેતર પર હિસ્સાથી વાવેતર કરવા મૌખીક વહેચણી કરતાં હતાં ત્યારે પ્રતિવાદી નં.૩/૨ અને ૪/૨ નાઓ કહેવા લાગેલા કે હમોએ હમારા ભૂદાનની હિસ્સાથી ખેતીની જમીન ઉપરોકત પ્રતિવાદી નં.૧,૨ અને ૫ તથા ૬ ના વારસોને આપી દિધેલ છે. ત્યારે પ્રતિવાદી નં ૧,તથા તેમના પુત્ર પ્રવિણભાઈ તથા પ્રતિવાદી નં. ૨ તથા પ્રતિવાદી નં. ૫ ના વારસો તથા પ્રતિવાદી નં.૬ મર્હુમ ધુળાભાઈના પુત્ર જેઓ પણ હાલમાં તેમના પિતાની જગયાએ કડિયાદરા પંચાયતમાં પટાવાળાની નોકરી કરે છે તેઓ બધા હમારા ખેતર પર આવી ગયેલા અને હમો વાદીઓ સાથે ઝગડો કરી કહેવા લાગેલા કે હમોએ હમારા હિસ્સાની જમીનો આપી દિધી છે અને તમો પણ તમારા હિસ્સાની જમીનો આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓને આપી દો નહિતર તમોને આ પ્રતિવાદી નં. ૧,૨ તથા ૫,૬ ના વારસો ખેતરમાં પેસવા દેશે નહી આ પ્રતિવાદીઓ હમોને કહેવા લાગેલા કે જો આ ખેતરમાં આવશો તો તમારા ટાંટિયા તોડિ નાંખીશુ એમ કરી હમારા પર ગડદાપાટુનો માર મારતાં અને હમોને મારીને દાટી દેવાની ધમકીઓ આપતાં હમો વાદી નં.૧ અને ૨ નાએ ઇડર પોલીસ સ્ટેશનમાં તા.૧૯/૦૩/૨૦૨૩ ના રોજ ફરિયાદ આપેલ અને આ કામના પ્રતિવાદીઓને પોલીસે ચેપ્ટર કેસ બનાવી પ્રતિવાદીઓને જામીન પર મુક્ત કરી દિધેલા.

વાદી વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તેઓ વાદી નં.૧ અને ૨ નાએ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ તેઓની ઉપરોક્ત વિવાદવાળી ભુદાન ખેતીની જમીનના ખાતા નં.૩૦૭ તથા સર્વે નં.૯૨૦, ૯૨૧ ના ૭/૧૨ તથા ૮–અ તથા હકક પત્રક ૬ ની નોંધો કઢાવતા માલુમ પડેલ કે આકામના પ્રતિવાદી નં ૧, અને ૨ તથા ૫ અને ૬ ના વારસોના નામ ગેરકાયદેર રીતે હકક અધિકાર

કે હિસ્સા વગર તેમજ વારસાઈ હકક વગર તેમજ ખેડુત ખાતેદાર ના હોવા છતાં રેવન્યુ રેકર્ડે તેઓના ખાતામાં નામ ચડેલ છે.ગેરકાયદેસર રીતે ભૂદાનની ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૩ અને ૪ ના હિસ્સાની જમીનનો કબજો પડાવી લીધેલ છે અને હમો વાદિ નં.૧ ના હિસ્સાની જમીનનો કબજો પડાવી લેવા માંગતા હોઈ તેમજ હમારી પિતાની ભુદાનની હમારા હિસ્સા વાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ હમોને ખેતી કરવા દેતા ન હોઈ તેમજ પ્રવેશ કરવા પર પ્રતિબંધિત કરતા હોઈ તેમજ હમારી હકક હિસ્સાની જમીનનો કબજો પડાવી લેવાનો ઈરાદાથી હમોને ધમકીઓ આપેલ અને આ જમીનનો કબજો પડાવી લેવા કૃતનિશ્ચયી બનેલ છે અને ચાલુ સાલે અમો વાદીઓ સદરહુ હમારી ખેતીની જમીનમાં ખેતી કામ કરવા જઈએ તો રોકવાની ધમીકીઓ આ કામના પ્રતિવાદીઓ આપી રહેલા છે.અને આ કામના પ્રતિવાદીઓએ હમોને ધમકીઓ આપી હમારી ભૂદાનની જમીનમાં હમારો હિસ્સો લેવા દબાણ કરી રહ્યા છે અને હમારા હિસ્સાની જમીનમાં પ્રવેશતા અટકાવવા કૃતનિસ્ચથી બનેલ છે.વાદી નં.૧ અને પ્રતિવાદી નં.૩ અને ૪ નાઓ હમારા પિતાની ભુદાનનની જમીનના વારસ પુત્રોની જમીનના સયુંકત હિસ્સેદારો છીએ અને હમો વાદી નં ૧ નાએ કોઈ જમીન લાગભાગ કે હિસ્સો આપવાની તથા વાવેતર કરવા વાત પણ કરેલ નથી આમ છતાં ખોટી હકીકતોનો આશરો લઈ આ કામના પ્રતિવાદી નં.૩ અને ૪ ના વારસોને દબાણ કરી આ કામના પ્રતિવાદી નં.૧,૨ અને ૫,૬ ના વારસોનો હમારા ખાતા નં.૩૦૭ ના ભુદાનની જમીનમાં તેમનો કોઈ હકક અધિકાર કે હિસ્સો કે વારસાઈ હકક તેમજ ખેડુત પણ ન હોવા છતાં. તેમના ગેરકાયદેસર રીતે નામો હમો વાદીના ખાતા નં.૩૦૭ તથા સર્વે નં.૯૨૧ તથા ૯૨૦ માં નામ દાખલ કરી પ્રતિવાદી નં.૩ અને ૪ ના હિસ્સાની જમીનનો ગેરકાયદેર કબજો પડાવી લીધેલ છે તેમ હમો વાદી નં.૧ ના હિસ્સાની જમીન પણ આ કામના પ્રતિવાદીઓનો કોઈ લાગ ભાગ કે હકક હિસ્સો ન હોવા છતાં સદરહુ હમારા હિસ્સાની ભૂદાનની જમીનનો કબજો પડાવવાના બદઈરાદાથી ખોટી રીતના હમો વાદીઓને હેરાન પરેશાન કરી રહેલા છે. પ્રતિવાદઓને સદરહુ જમીન પરત્વે કોઈ હકક કે અધિકાર ન હોઇ સદરહુ હમારી હમારા હકક હિસ્સા વાળી ભૂદાનની જમીનમાં ગેરકાયેદસર પ્રવેશવાનો કોઈ હકક કે અધિકાર નથી

તેમજ હમો વાદીઓને સદરહુ દાવાવાળી જમીનમાં ખેતી કામ કરતાં રોકવાનુ કે ઉપજ ઉત્પન્ન લેવા અટકાવવાનો પ્રતિવાદીઓનો કોઈ હકક કે અધિકાર નથી તેમ છતાં પ્રતિવાદીઓ ધમકીઓ આપી રહેલા હોઈ આ દાવો આપ નામદાર અદાલતમાં દાખલ કરવાની જરૂરિયાત પડેલ છે.

આ કામના પ્રતિવાદીઓ દાવાના ચાલુ કામે આ દાવાવાળી ભૂદાનની જમીનમાં પ્રવેશ કરી વાવેતર કરી નાંખે અને હમો વાદીઓને હમારી વારસાઇ હકક અધિકારથી ભૂદાનની ખેતીની જમીનમાં જતાં અટકાવે તો હમો વાદીઓને પૈસાથી ભરપાઈ ન થાય તેટલુ મોટુ નુકશાન થાય તેમ છે. તેમજ હમો વાદીઓનો આ પ્રથમ દર્શિનીય પ્રાયમાફેસીસ કેસ છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનન્સી હમો વાદીઓની તરફેણમાં છે. તેમજ પ્રતિવાદીઓ હમોને ધમકીઓ આપી હમોને હમારી વારસાઈ હકકથી મળેલી હમારા મર્હુમ પિતાને ભુદાનમાં મળેલી જમીનમાં પ્રવેશતા અટકાવવા તથા કબજો પડાવી લેવા કૃતનિસ્ચથી બનેલ હોઈ આ અરજી કરવાની જરુરીયાત પડેલ છે..

આ દાવો કરી વાદીઓએ દાદ માંગેલ છે કે,આ કામની દાવા અરજીના પેરા ૨ માં વર્ણવ્યા મુજબ આ કામના પ્રતિવાદી નં.૧,૨ તથા ૫,૬ ના વારસોનો સદરહુ દાવાવાળી હમો વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ના વારસોની ભુદાનથી વડિલોઉપાર્જિત વારસાઇથી મળેલી તથા હકક અધિકાર તથા હિસ્સા તથા કબજા ભોગવટા વાળી ભૂદાન ખેતીની જમીન ખાતા નં. ૩૦૭ જે જુનો સર્વે નં. ૧૫૧/પૈકી ૧ નવો સર્વે નં.૯૨૦ તથા જુનો સર્વે નં.૧૫૦/૧ નવો સર્વે નં.૯૨૧ વાળી જમીનમાં હમો વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ના વારસો સિવાય પ્રતિવાદી નં.૧,૨ અને ૫,૬ ના વારસોનો કોઈ હકક અધિકાર કે હિસ્સો કે કબજો ભોવટો નથી તેમજ રેવન્યુ રેકર્ડથી તેમના ગેરકાયદેસર રીતે ચડેલા નામ રદ કરવા ઠરાવો તેમજ હમો વાદીઓને તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ ના વારસોને ખેતી કરતાં કોઈ પણ જાતની રોક ટોક કરે કરાવે નહી તેમજ સદરહુ દાવાવાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૧,૨ તથા ૫,૬ ના વારસો પ્રવેશ કરે કરાવે નહીં કે તેમના માણસો, નોકરો કે એજન્ટો દાવાવાળી જગ્યામાં પ્રવેશ કરે કે કરાવે નહી કે તેમના કોઈ સાધનો ધ્વારા હમારી ખેતીને કોઈ નુકશાન પહોચાડે નહીં તેમજ હમો વાદીને હમારી ભૂદાન જમીનમાં ખેતી કરતાં રોક ટોક કે આડ અંતરાય કરે કરાવે નહી તેવો દાવાના ચાલુ કામે કામચલાઉ મનાઈ હુકમ

ફરમાવો.

૨. સદરહું દાવાનાં કામે પ્રતિવાદીઓને દાવા તથા મનાઈ અરજીની નોટીસ /સમન્સ કાઢતા,તે પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદી નં.૩ તથા ૪ ના વારસો તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક-૧૭ થી વાદીની મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, વાદીની મનાઈ અરજીની તમામ હકીકતોનો સ્વીકાર કરે છે અને તેમાં કોઇ વાંધો કે તકરાર ન હોવાનુ જણાવે છે અને વાદીએ માંગેલ દાદ મંજુર કરવા વિનંતી કરે છે.

**<u>પ્રતિવાદી તર્ફે આંક-૫ની હકીકતો અને દલીલો (કાઉન્ટર આંક-૫)</u>**

સદર દાવાના કામે પ્રતિવાદી નં.૧ થી ૨ તથા ૫/૧ થી ૬/૪ તર્ફે વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ તથા કાઉન્ટર આંક-૫ દાવો રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, વાદીઓની દાવા અરજી તથા મનાઇ અરજીમાં હકીકત ખરી તથા કાયદેસરની ન હોઈ રદ થવા પાત્ર છે તેમજ વાદીઓના દાવાને ડીલેચીઝ એકવાયર્ડ લેન્ડ-રેકર્ડ ઓફ પાર્ટીઝ વિગેરેનો બાધ નડે છે અને જયુરીડીકશન એકટનો બાધ નડે છે તથા વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોઈ રદ્દ થવાને પાત્ર છે.

વધુમાં તેઓ જણાવે છે કે વાદીઓની દાવા અરજીના પેરા નં.૧ પરત્વે તેઓને કોઈ તકરાર નથી. પરંતુ પેરા નં.૨ માં જણાવેલ હકીકતો જેવી કે વાદીઓના પિતાએ ભુદાન અંતર્ગત સ્વીકારેલી જમીન તથા વાદી નં.૧ તથા પ્રતિવાદી નં. ૩,૪ મર્હુમ હમારા ભાઇઓ તથા વારસો ખેતી કરી ગુજરાન ચલાવતા હોવાની હકીકત ઉપજાવી કાઢેલી છે કારણ કે તેઓ પ્રતિવાદી નં.૧,૨ તથા ૫/૧ થી ૬/૪ નાઓ વડીલો વખતથી સ્થળ ઉપર વહેંચણી મુજબ હીસ્સા પાડીને વાવેતર કરતા હતા અને તેઓના અવસાના બાદ તેઓ કબજો ભોગવટો ધરાવી વાવેતર કરે છે. અમથાજી જીવાજી મોટા હોઈ તેઓનુ નામ દાખલ થયેલ પરંતુ તેમના નાનાભાઈ શંકરજી જીવાજી ઠાકરડાનુ નામ દાખલ થયેલ નહીં પરંતુ પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી વર્ષોથી વાવેતર કરતા હતા.તેમના અવસાના બાદ તેમના વારસદારો કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા હતા. એકમાત્ર જમીન પડાવી લેવાની દાન હોઈ ખોટુ કારણ ઉભુ કરેલ છે.

વધુમાં તેઓ વાદીઓની દાવા અરજીના પેરા નં.૪ ની તમામ હકીકતો

ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવે છે અને ખોટી રીતે ફરીયાદ ઉપજાવી કાઢી અને ખોટો બનાવ ઉભો કરી જમીન પડાવી લેવા સારૂ દાવાનુ ખોટુ કારણ ઉભુ કરેલ છે.પ્રતિવાદીનં.ર સરકારી નોકરી કરતા હોવાથી તેઓને માત્ર હેરાન કરવા માટે અને જમીન પડાવી લેવા માટે ખોટી ફરીયાદ કરી ખોટો દાવો દાખલ કરેલ છે. વાદીઓને તેઓના હીસ્સાની જમીનમાં વાવેતર કરતા તેઓએ કયારેય રોકેલા નથી.

તેમજ વાદીની દાવા અરજીના પેરા નં.૫ અને ૬માં જણાવેલ વિગતો પણ ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવેલ છે.વાદીઓને કોઇ જ હકક, હીત ઉપર નુકસાન થાય તેમ નથી કારણ કે સદર દાવાવાળી જીમીનમાં વડીલો વખતથી હીસ્સા વહેંચણી કરીને પોત પોતાના હીસ્સા મુજબ કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા હતા અને કરે છે. આમ પ્રતિવાદી ૧ અને ૨ તથા ૫/૧ અને ૬/૪ ધ્વારા વાદીની દાવા અરજી તથા મનાઇ અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે અને દાદ માંગેલ છે કે, મોજે કડીયાદરાની સીમના જુના સર્વે નં.૧૫૧/પૈકી૧ અને નવો સ.નં/બ્લોક નં.૯૨૦ અને બીજો જુનો સ.નં.૧૫૦/૧ અને નવો સ.નં.૯૨૧ ની સામાદાવા અરજીમાં જણાવ્યા મુજબની હદમર્ઝાદ વાળી ખેતીની જમીનમાં પ્રતીવાદી નં.૧,૨ તથા ૫/૧થી ૬/૪ નો કાયદેસરનો હકક, હીસ્સો આવેલ અને કબજો ભોગવટો વડીલો વખતથી આવેલ છે તેમાં વાદીઓનો કોઇ હકક, હીસ્સો,અધીકાર નથી તેવુ ઠરાવવા વિનંતી કરેલ છે.

પ્રતિવાદીનાંએ પોતાનાં જવાબનાં સમર્થનમાં આંક-૨૧થી પુરાવાલીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે.

**3.** સદરહું કામે પક્ષકારો તરફે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ.

**૪.** ઉપરોકત દલીલો જોતા બંને પક્ષકારો આંક-૫ ની અરજીના ન્યાયીક નિર્ણય માટે પ્રસ્થાપીત સિધ્ધાતો મુજબ નીચે મુજબના આવશ્યક તત્વો સંતોષાવા જરૂરી છે.

| | |
|---|---|
| ૧ | શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ? |
| ૨ | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ? |
| ૩ | જો દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાથી વળતર ન મળે તેવું નુકશાન જાય તેમ છે ? |
| ૪ | શું હુકમ ? |

**૫.** ઉપરોકત આવશ્યક તત્વો અંગેના મુદ્દાના મારા તારણ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**૬. <u>મુદ્દા નં.૧ થી ૩ ના કારણો</u>:–**

ઓર્ડર–૩૯ રૂલ–(૧),(૨) આવશ્યક તત્વો જોઈએ તો, વાદીઓ તથા પ્રીતવાદીઓ એ સાબીત કરવુ પડે કે,તેમનો પ્રથમ દર્શનીય કેસ છે અને જો આવો મનાઈ હુકમ આપવા નહી આવે તો તેમને નાણાંમાં ના આંકી શકાય તેવું નુકશાન થવાની સંભાવના છે. વાદીની દલીલ છે કે,વાદીની દલીલ છે કે, આ કામના પ્રતિવાદી વાદીને કોઈ જમીન લાગ–ભાગ કે હીસ્સો આપવાની મનાઈ કરેલ છે અને વાદીની જમીનમાં ખોટા નામો દાખલ કરી જમીનનો ગેરકાયદેસર કબજો પડાવી લીધેલ છે અને વાદીને ખેતીકામ કરતા રોકવાનો પ્રયત્ન કરી રહયા છે. તેથી જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેમને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે.

પ્રતિવાદી તર્ફે દલીલ છે કે,વાદીએ દાવા અરજીમાં ખોટી હકીકતો જણાવેલી અને વાદીનો કોઈ વાદગ્રસ્ત મીલકતમાં હકક કે હીસ્સો નથી અને પ્ર તિવાદીઓ વડીલો વખતથી સ્થળ સ્થળ ઉપર વહેચણી મુજબ હિસ્સા પાડીને વાવેતર કરતા હતા અને ખોટી રીતે કોઈ નામો દાખલ કરેલા નથી અને જમીન પડાવી લેવાની દાનત હોય ખોટી હકીકતોના આધારે દાવો દાખલ કરેલ છે અને વાદી ચોખ્ખા હાથે આવેલ ન હોય અને આંક–પના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય વાદીનો આંક–પ ના–મંજુર કરી પ્રતિવાદીનો કાઉન્ટર આંક–પ મંજુર કરવા વિનંતી કરે છે.

(૬.૧) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં, વાદી તરફે તથા પ્રતિવાદી તર્ફે દાદ માંગવામાં આવેલ છે અને તેઓના જણાવ્યા અનુસાર જે મીલકત બાબતે મનાઈ હુકમની માંગણી કરવામાં આવેલ છે તે વડીલોપાર્જીત મીલકત છે, તેથી વાદીનો કે પ્રતિવાદીનો એકલાનો જ કોઈ હકક હોય તેમ જણાતુ નથી. આ કામે પક્ષકારો જે મીલકત બાબતે તકરાર છે તેમાં અન્ય સહ હિસ્સેદારો પણ છે અને બંને પક્ષકારોના નામ રેવન્યુ રેકર્ડમાં હોઈ બંને સહ હિસ્સેદાર છે તેમ જણાઈ આવે છે, તે સંજોગો ધ્યાને લેતાં જયાં સુધી વાદીનો કયા હિસ્સામાં કબજો ભોગવટો છે અને પ્રતિવાદીનો કયા હિસ્સામાં કબજો ભોગવટો છે તે હાલના તબકકે પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ નથી અને સહ હિસ્સેદાર વિરૂધ્ધ કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ આપી શકાય નહીં. વધુમાં જયારે કોઈપણ મીલકતમાં સહહિસ્સેદાર હોય ત્યારે અન્ય વ્યકતીઓની મંજુરી વગર વેચાણ થઈ શકતુ નથી તેવો કાયદાનો સિધ્ધાંત હોય તેથીજે વિગતો લઈને પક્ષકારો હાલની અરજી લઈને આવેલા છે તેમાં કાયદાના સિધ્ધાંત મુજબ મંજુર કરવાપાત્ર રહેતો નથી.જયારે સહ હિસ્સેદારો હોય અને તેમની મંજુરી વગર વેચાણ થઈ શકવાની કાયદામાં જોગવાઈ ન હોય અને જો આવી કોઈ વેચાણ કરવામાં આવે તો તે પ્ર થમથીજ નલ એન્ડ વોઈડ પ્રકારનુ હોય તેથી જે વિગતો થવાની શકયકતા છે તેવી શકયતાઓના આધારે પક્ષકારો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હકકદાર બનતા નથી.

વધુમાં આ અંગે નામ.સુપ્રીમ કોર્ટનુ ***સંતરામ નગીનારામ વિ. દયારામ નગીનારામ તથા અન્ય(એઆઈઆર–૧૯૬૧ પીએચ પ૨૮)*** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો,

78. The weight of the authorities and the principles which have been discussed above, give rise to the following propositions -

> (1) A co-Owner has an interest in the whole property and also in every parcel of it.

(2) Possession of the joint property by one co-owner is in the eye of law, possession of all even if all but one are actually out of possession.

(3) A mere occupation of a larger portion or even of an entire joint property does not necessarily amount to ouster as the possession of one is deemed to be on behalf of all.

(4) The above rule admits of an exception when there is ouster of a co-owner by another. But in order to negative the presumption of joint possession on behalf of all, on the ground of ouster, the possession, of a co-owner must not only be exclusive but also hostile to the knowledge of the other, as, when a co-owner openly asserts his own title and denies that of the other.

(5) Passage of time does not extinguish the right of the co-owner who has been out of possession of the joint property except in the event of ouster or abandonment.

(6) Every co-owner has a right to use the joint property in a husband like manner not inconsistent with similar rights of other co-owners.

(7) Where a co-owner is in possession of separate parcels under an arrangement consented to by the other co-owners, it is not open to any one to disturb the arrangement without the consent of others except by filing a suit for partition.

(8) The remedy of a co-owner not in possession, or not in possession of a share of the joint property, is by way of a suit for partition Or for actual joint possession, but not for ejectment. Same is the case where a co-owner sets up an exclusive title in himself.

(9) Where a portion of the joint property is, by common consent of the co-owners, reserved for a particular common purpose, it cannot be diverted to an inconsistent user by a co-owner; if he does so, he is liable to be ejected and the particular parcel will be liable to be restored to its original condition. It is not necessary in such a case to show that special damage has been suffered.

ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં જયારે પ્રતિવાદી મીલકતની સહભાગીદાર /સહ હિસ્સેદાર હોય ત્યારે તેવા સંજોગોમાં તેની સામે મનાઈ હુકમ આપી શકાય નહી.પ્રતિવાદી અન્ય કોઈને આ મિલકત વેચાણ કરશે તેવી શકયતા માત્રથી

પ્રથમદર્શનીય કેસ બનતો નથી અને હાલના કામે દસ્તાવેજો ધ્યાને લેતાં પક્ષકારો એવુ સાબીત કરી શકયા નથી કે મનાઈ હુકમ મેળવવા માટે તેમનો પ્રથમદર્શનીય કેસ નથી અને જયારે પ્રથમદર્શનીય કેસ ના હોય ત્યારે મનાઈ હુકમના અન્ય તત્વો પર વધુ મદાર રાખી શકાય નહીં.

વધુમાં મનાઈ હુકમ બાબતે અગવડતા સગવડતાની સમતુલા ધ્યાને લેતાં જો આવો મનાઈ હુકમ કોઈ એક પક્ષકારની વિરૂધ્ધ આપવામાં આવે તો જે પક્ષકારો આજદિન સુધી જે જમીનો ઉપભોગ, ઉપયોગ કરતા આવ્યા છે તેમના કાયદેસરના હકક, હિતને નુકસાન પહોચે તેમ છે અને તેથી અદાલતે એ પણ ધ્યાને લેવાનુ રહે કે એક પક્ષના હીતના રક્ષણથી અન્ય પક્ષકારના હિતને નુકશાન થાય નહીં.તેથી પક્ષકારોને મનાઈ હુકમ મળવાપાત્ર રહેતો નથી.

હાલનો મનાઈ હુકમ મંજુર કરવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી અને મનાઈ હુકમની અરજી એટલે કે, પુરાવા લીધા સીવાય કયા પક્ષકારનો હકક હિસ્સો છે તે નકકી થઈ શકે તેમ ન હોય મુદ્દા નં.૧ થી ૩ વાદી તથા પ્રતિવાદી નં.૧,૨,૫/૧ થી ૬/૪ ના પક્ષકારો પોતાની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં.૧ થી નં.૩ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) વાદીની આંક -૫ ની અરજી તથા પ્રતિવાદીની કાઉન્ટર આંક-૫ની અરજી આથી ના-મંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૦૭મી,માહે:માર્ચ,સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
સ્થળ-ઈડર.

(વિપ્લવ એચ. તેરૈયા)
એડીશનલ સિવિલ જજ,ઈડર.
કોડ નં.જીજે૦૧૬૮૧

//R.N.P//